# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૨૦/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'ઇન્ડિયા કવીઝ' વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૫:૦૦ કલાકે 'ઇન્ડિયા કવીઝ' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શહેરના જાણીતા પિડીયાટ્રિશન ડો. મનીષ જૈન દ્વારા ઇન્ડિયન કલ્ચરલ હિસ્ટરી, ટ્રાવેલ્સ, મોનુમેન્ટ્સ, ફેમસ પીપલ, મુવીઝ, આપનું ગુજરાત, અન્સન્ગ ઇન્ડિયન્સ અને સુપર સુરતીઝ વિશે ખૂબ જ માહિતીપ્રદ અને રસપ્રદ સવાલો કરી તેમના વિશે અવગત કરવામાં આવ્યા હતા. સુરત ઉપરાંત દેશના જુદા–જુદા શહેરોમાંથી જોડાયેલા વિદ્યાર્થીઓ અને લોકોએ આ સવાલોના જવાબ આપ્યા હતા. આ વેબીનાર થકી લોકોને ભારતીય સંસ્કૃતિને યાદ કરવાની તેમજ એની મજબુત વિરાસતને સલામ કરવાની તક મળી હતી.

ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ જણાવ્યુ હતુ કે, વૈશ્વિક સ્તરે હવે ભારતનો ડંકો વાગશે પણ આપણે ભારતને વ્યવસ્થિત રીતે જાણતા જ નથી. ભારતની સંસ્કૃતિ, એનો ઇતિહાસ, મહાન વ્યકિતઓ તેમજ ઘણી બધી બાબતો વિશે આપણે પરીચિત જ નથી. આ અભિપ્રાયને લઇને આજના વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં જ્ઞાનની સાથે ગંમત માણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ડો. મનીષ જૈને જણાવ્યુ હતુ કે, ઇન્ડિયા કવીઝ થકી આપણે ભારતીય સંસ્કૃતિની યાદ કરીશું. આ કવીઝમાં દસ રાઉન્ડ રાખવામાં આવશે. પહેલો રાઉન્ડ ઇનક્રેડીકલ ઇન્ડિયા વિશે યોજાયો હતો. જેમાં પ્રથમ સવાલ ઓરિસ્સાના પટચિત્રા વિશે પુછવામાં આવ્યો હતો. બીજો સવાલ કશ્મીરી પંડિત કલ્હાના વિશે પુછાયો હતો. જેમાં તેમના દ્વારા લખાયેલા રાજતરંગીની જેવા પુસ્તકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ભારતીય સંસ્કૃતિ વિશે માહિતી પહોંચાડવા માટે સૌપ્રથમ દુરદર્શન ચેનલ દ્વારા પ્રયાસ કરાયો હતો તે અંગે પણ સવાલ પુછવામાં આવ્યો હતો. શ્રી દાદા અબ્દુલ્લાહ અને તેમના સંતાન વિશેનો સવાલ પુછવામાં આવ્યો હતો. ભારતના પહેલા મહિલા ગવર્નર શ્રીમતી સરોજિની નાયડુ તેમજ પ્રેમ બિહારી રાયઝાદા વિશે સવાલ પુછવામાં આવ્યો હતો.

બીજા રાઉન્ડમાં હિસ્ટોરીકલ ઇન્ડિયા વિશે ડો. મનીષ દ્વારા બિહારના મધુબની આર્ટ અને હિન્દુસ્તાન મોટર્સ દ્વારા બનાવવામાં આવેલી એમ્બેસેડર કાર વિશે સવાલ પુછવામાં આવ્યા હતા. ત્યારબાદ આપનું ગુજરાતમાં તેમણે પાવાગઢના ચાપાનેર ગામમાં આવેલા નગીના મોસ, સ્ટેચ્યુ ઓફ યુનિટીના આર્કીટેકટ શ્રી રામ સુથાર, શ્રી નરસિંહ મહેતા, વાંસદાના જયકિશન ડાહયાભાઇ પંચાલ, ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ નારાયણ મહેતા, વડોદરાના ફોટો જર્નાલિસ્ટ સુશ્રી હોમાઇ વ્યારાવાલા, જુનાગઢમાં જન્મેલા ક્રિકેટર શ્રી હનીફ મોહંમદ, આણંદમાં જન્મેલા ઇન્ડિયન ડિઝાઇનર શ્રી દશરથ પટેલ, કેરલામાં જન્મેલા પણ ગુજરાતને કર્મભૂમિ બનાવનારા સુશ્રી મૃણાલિની વિક્રમ સારાભાઇ, ગુજરાતમાં ભીલ સેવા મંડળ બનાવનાર શ્રી અમૃતલાલ ઠકકર જેમને મહાત્મા ગાંધીજીએ બાપ્પા નામ આપ્યુ હતુ, ઉદ્યોગપતિ શ્રી દિલીપ સંઘવી અને ગુજરાતની ટેનીસ પ્લેયર સુશ્રી અંકીતા રૈના વિશે સવાલ પુછી તેમના વિશેની રસપ્રદ માહિતી આપવામાં આવી હતી.

સુપર સુરતીઝ રાઉન્ડમાં તેમણે અભિનેત્રી ઝુબેદા, શ્રી હોમી વાલીયા, સુરતમાં જન્મેલા અને ન્યુઝીલેન્ડ માટે રમનાર ક્રિકેટર શ્રી નરોત્તમ, નેશનલ બેડ મિન્ટન ચેમ્પીયન સુશ્રી અમિ ઘીયા, રશિયન ઓર્થર લીઓ ટોલ્સટોય, સુરતમાં જન્મેલા હરીભાઇ જરીવાલા એટલે અભિનેતા શ્રી સંજીવ કુમાર, શ્રી દાદાસાહેબ ફાળકે અને શ્રી એ.આર. રહેમાન કે જેમનો સુરત સાથે ગાઢ સંબંધ હતો તેમના વિશે સવાલો કરી રસપ્રદ માહિતી આપવામાં આવી હતી.

અન્સન્ગ ઇન્ડિયન્સમાં તેમણે શ્રી તિરોઠ સિંગ, બેગમ હઝરત મહેલ, શ્રી તિરુપુર કુમારન, શ્રી બિનોય બાસુ, શ્રી દિનેશ ગુપ્તા અને શ્રી બાદલ, શ્રી સુર્યસેન, સુશ્રી અરુણા અસફલી, મેડમ બિકાજી કામા અને સુશ્રી હેમુ કાનાની વિશે સવાલ પુછી તેમના વિશે મહત્વની જાણકારી આપી હતી. ઇન્ડિયા કવીઝમાં મોટાભાગના સવાલોના જવાબ સુરતના વિદ્યાર્થી સાર્થક વિશ્નોઇ અને દિલ્હીની વિદ્યાર્થીનિ સુશ્રી નિલમે આપ્યા હતા.

આ વેબીનારમાં ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.